તાત્કાલિક

ક્રમાંક:- નકવ-૧૨૨૦૧૧-૨૦૯૧/ક.૨
**ગુજરાત સરકાર,**
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-
11 OCT 2011

પ્રતિ,
કુલસચિવશ્રી,
કૃષિ યુનિવર્સિટી,
**જુનાગઢ / નવસારી.**

**વિષય:- પશુધન નિરીક્ષક તાલીમ અને અભ્યાસક્રમ ડીપ્લોમા કરવા બાબત...**

ઉપર્યુક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, પશુધન નિરીક્ષકનો કોર્ષ હાલમાં ફક્ત એક વર્ષનો છે. જે ધોરણ-૧૦ પછીનો છે તે સુધારવાની અત્યંત જરૂર છે. રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદમાં કોર્ષ અપડેટ કરાવવાનું નક્કી થયેલ છે. તેનાથી સારા લાયકાત ધરાવતા ઉમેદવારો મળશે અને ખાનગી સંસ્થાઓ દ્વારા ચાલતા એક વર્ષના કોર્ષના કારણે ભરતી પ્રક્રિયામાં જે પ્રશ્નો ઊભા થતાં હતા તે ઓછા થશે. તે જોતાં, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીએ ચાલુ વર્ષે આ કોર્ષ ચાલુ કરવાનું સ્વીકારેલ છે તેમ જુનાગઢ તથા નવસારી કૃષિ યુનિવર્સિટીને પણ હવે પછી શરૂ થનારા શૈક્ષણિક વર્ષથી લાઈવ સ્ટોક ઈન્સ્પેકટરનો કોર્ષ અપડેટ કરી ૩ (ત્રણ) વર્ષનો કરવા ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(એ.આર.પટેલ)
**સેકશન અધિકારી**
**કૃષિ અને સહકાર વિભાગ**

**નકલ રવાના:-**

કુલસચિવશ્રી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ.યુનિવર્સિટી, દાંતીવાડા...તરફ આપના તા.૭.૯.૨૦૧૧ ના પત્રક્રમાંક:- સદાંકૃયુ/રજી/પરીક્ષા/ટે.૬/૩૧૪૯/૨૦૧૧ ના અનુસંધાનમાં જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

NAU / PSR / 516 / 11
Dt. 21 / OCT 2011

પી.એસ. વિભાગ
આવક નં. ૩૫૪ તા.૨૧/૧૦/૨૦૧૧

પશુ ચિકિત્સા મહાવિદ્યાલય, ન.કૃ.યુ.,નવસારી.
આવક નં. ૧૧૧૭ તા. ૨૨/૧૦/૧૧

**તાત્કાલિક**

**ક્રમાંક:- નકવ-૧૨૨૦૧૧-૨૦૯૧-ક.૨**
**ગુજરાત સરકાર**
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-
16 MAR 2012

પ્રતિ,
કુલસચિવશ્રી,
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી,
**જુનાગઢ-૩૬૨ ૦૦૧.**

**વિષય:- પશુધન નિરીક્ષક તાલીમ અને અભ્યાસક્રમ ડીપ્લોમા કરવા બાબત...**

ઉપર્યુક્ત વિષય અંગેના આપના તા.૨૧.૧૧.૨૦૧૧ ના પત્રક્રમાંક:- જુકૃયુ / રજી / પરીક્ષા / ટે.૬ / ૫૯૯૦ / ૨૦૧૧ ના અનુસંધાને જણાવવાનું કે, પ્રસ્તુત પત્રથી ભૌતિક સુવિધા, માનવબળ તથા પૂરતી ગ્રાન્ટ સરકારશ્રી તરફથી પૂરી પાડ્યેથી પશુધન નિરીક્ષક તાલીમ અભ્યાસક્રમને ૧ વર્ષના બદલે ૩ વર્ષના ડિપ્લોમા અભ્યાસક્રમમાં ફેરવી શરૂ કરવામાં આવશે તેમ જણાવવામાં આવેલ છે. પરંતુ, આજ અભ્યાસક્રમ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા તેમના હાલના હયાત મહેકમ, બજેટ જોગવાઈ, ભૌતિક સુવિધાઓથી ચાલુ વર્ષથી જ ૩ (ત્રણ) વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. તે જ રીતે આપની કૃષિ યુનિવર્સિટીમાં પણ હાલની હયાત સુવિધાથી જરૂર જણાયે આંતરિક ફેરફાર કરીને પણ પશુધન નિરીક્ષકનો ૩ (ત્રણ)વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા વિનંતી છે. જરૂર જણાયે આ બાબતે રજીસ્ટ્રારશ્રી, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સંપર્ક સાધવા પણ વિનંતી છે.

(એ.આર.પટેલ)
**સેકશન અધિકારી**
**કૃષિ અને સહકાર વિભાગ**

UTC/P-S
2013

**નકલ રવાના:-**

કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી...તરફ વિભાગના તા. ૧૧.૧૦.૨૦૧૧ ના સરખા ક્રમાંકના પત્રમાં દર્શાવેલી વિગતે કરવામાં આવેલ કાર્યવાહીનો વિગતદર્શી અહેવાલ મોકલી આપવાની વિનંતી સહ.

Aea / Dean Vet
1913

પી.એસ. વિભાગ
આવક નં. ૧૦૨ તા.૨૦/૩/૨૦૧૨

NAU / PSR / 176 / 12
Dt. 19 MAR 2012

લાઈવસ્ટોક ઈન્સ્પેકટર ટ્રેનીંગ સેન્ટરને પોલીટેકનીક ડીપ્લોમાં ઈન એનીમલ હસ્બન્ડરીમાં અપગ્રેડ કરવા બાબત...

## જાહેરનામું
નંબર– ૩૬૨/૨૦૧૨

આથી સંબધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા. ૭.૦૬.૨૦૧૨ના રોજ આણંદ ખાતે મળેલ સંચાલક મંડળની ૨૨મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર ૨૨.૦૬ થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, એક વર્ષના કાર્યરત લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર તાલીમ અભ્યાસક્રમને ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં અપગ્રેડ કરી વેટરનરી કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણ મુજબ તેનું નામાભિકરંણ કરવુ અને સુધારેલ અભ્યાસક્રમ મુજબ આગામી શૈક્ષણિક વર્ષ (૨૦૧૨–૧૩)થી અમલ કરવાનું મંજુર કરવામાં આવે છે."

જા.નં.નકૃયુ/રજી/એકેડેમીક/સંમં ૨૨.૦૬/૬૨૭-૬૭૭/૨૦૧૨
તા.૭/૯/૨૦૧૨

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના :**
૧. સંચાલક મંડળના તમામ સભ્યશ્રીઓ તરફ.
૨. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૩. તમામ આચાર્યશ્રીઓ તરફ.
૪. તમામ યુનિટ /હેડ/ યુનિટ અધિકારીશ્રીઓ .

**નકલ રવાના :**
૧. કુલસચિવ વિભાગની બોર્ડ ઓફ મેનેજમેન્ટ શાખા તરફ ( ૫ નકલમાં)
૨. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૩. કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

01/10/2012